| |
|---|
| **અગ્રતા ક્રમ : ૨૧**<br>**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૭૨૬**<br>**પ્રશ્નની વિગત: ધોળાવીરા હડપ્પન સ્થળ ખાતે પ્રવાસીઓને રહેવાની સગવડ**<br>**પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રીમતી માલતી કિશોર મહેશ્વરી તથા તેમનો મત વિસ્તાર : (ગાંધીધામ)** |
| **પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:- શ્રીમતી માલતી કિશોર મહેશ્વરી** |
| **પૂરક પ્રશ્ન (૧) : ધોળાવીરા પ્રવાસી સુવીધાના વિકાસ ની વિવિધ કામગીરી માટે માસ્ટર પ્લાન બનાવવામાં આવેલ છે ?** |
| **જવાબ:**<br>**માન.અધ્યક્ષશ્રી**<br>**હા,વર્લ્ડ હેરીટેજસાઈટ ધોળાવીરા ખાતે કન્સલ્ટન્ટ દ્વારા માસ્ટરપ્લાન બનાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. જેમાં કન્સલ્ટન્ટ ધ્વારા પ્રવાસી સુવિધા ને ધ્યાને રાખી અલગ અલગ ૨ તબક્કામાં કામગીરી હાથ ધરવા માટે નું આયોજન હાથ ધરેલ છે. જેની તબક્કા વાર વિગત આ મુજબ છે.** |

પેકેજ -૧ મા

- ધોળાવીરાના પ્રવેશ સ્થળે ડેવલોપમેન્ટ
- ધોળાવીરા એન્ટ્રીથી વર્લ્ડ હેરીટેઝ સાઈટ સુધી રોડ સાઈડ ડેવલોપમેન્ટ
- અરાઈવલ એક્સપીરીયન્સ &રોડ સ્ટ્રીટ ડેવલોપમેન્ટ
- તોરણ રિસોર્ટથી એમ્ફિથીએટર તરફના રોડનું ડેવલોપમેન્ટ
- ટેન્ટસીટી માટે ઈન્ફ્રાસ્ટ્રકચર
- રોડ સાઈડ પાથવે
- રોડની સાઈડમાં ગ્રીનરી વગેરે

પેકેજ -૨ મા

- ટી.એફ.સી
- ક્રાફ્ટ માર્કેટ,
- ફૂડકોર્ટ
- સ્કલપચર પાર્ક,
- કોમન ઈન્ફ્રાસ્ટ્રકચર
- ભુંગા રિસોર્ટ માટે ઈન્ફ્રાસ્ટ્રકચર

- ➢ એમ્ફિથીએટર એન્ડ રિલેટેડ સુવિધા

ઉપરોક્ત બે તબક્કા પૈકી પ્રથમ તબક્કાની સૈદ્ધાંતીક મંજૂરી મળેલ છે જેમાં થી પ્રથમ તબક્કાની કામગીરી માટે એજન્સીને એલ ઓ આઈ આપવમા આવેલ તથા સદર કામગીરીનુ માનનીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા તાજેતરમા ખાતમુહુરત કરવામા આવેલ છે. પેકેજ ૨ અર્થે અંદજિત રુ.૧૦૯.૦૦ કરોડનો એસ્ટીમેટ બનાવવાની કામગીરી પ્રગતીમા છે.

| |
|---|
| **અગ્રતા ક્રમ : ૨૧**<br>**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૭૨૬**<br>**પ્રશ્નની વિગત: ધોળાવીરા હડપ્પન સ્થળ ખાતે પ્રવાસીઓને રહેવાની સગવડ**<br>**પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રીમતી માલતી કિશોર મહેશ્વરી તથા તેમનો મત વિસ્તાર : (ગાંધીધામ)** |
| **પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:-શ્રી કેશુભાઈ પટેલ(ભુજ)** |
| **પૂરક પ્રશ્ન (૨) :કચ્છ જિલ્લામાં ધોરડો ખાતે તાજેતરમાં પૂર્ણ કરવામાં આવેલ મહત્વના પ્રોજેકટની વિગત જણાવશો?** |
| **જવાબ:**<br>**માન.અદયક્ષશ્રી**<br>તા **જવાબ:**<br>**માન.અધ્યક્ષશ્રી**<br>કચ્છ જીલ્લામાં પ્રવાસન નિગમ દ્વારા તાજેતરમાં નીચે મુજબના મહત્વના પ્રોજેકટની કામગીરી કરવામાં આવેલ છે.<br>• **કચ્છ જીલ્લાના ઘોરડો ખાતેના સફેદ રણમાં વોચ ટાવર ઉપર કાયમી ધોરણે લાઈટ અને** |

**<u>સાઉન્ડ શો :</u>**

નિગમ દ્વારા દર વર્ષે સફેદ રણમાં રણ ઉત્સવ દરમિયાન આવેલ પ્રવાસીઓને વધુ આકર્ષણ મળી રહે તથા નાઈટ ટુરિઝમને પ્રાધાન્ય મળી રહે તેને ધ્યાને લઈને ડેકોરેટીવ/ઇનોવેટીવ લાઈટીંગ તથા લાઈટ અને સાઉન્ડ શો માટે નિગમ દ્વારા ધોરડો ખાતેના સફેદ રણમાં વોચ ટાવર ઉપર કાયમી ધોરણે લાઈટ અને સાઉન્ડ શોની કામગીરી હાથ ધરેલ હતી. સદર પ્રોજેકટના મુખ્ય કોમ્પોનન્ટસ જણાવુતો :

- ૧૮ મિનીટનો લાઈટ અને સાઉન્ડ શો
- કચ્છનો ઈતિહાસ ઉપર રણ અને ભૂમિની થીમ પર સ્ક્રીપ્ટ
- વોઈસ ઓવરની કામગીરી
- પેનલ અને સોફ્ટવેર સીસ્ટમ
- ૨૫૦ માણસોની બેઠક વ્યવસ્થા

સદર કામગીરી અર્થે કુલ રુ. ૮.૬૦ કરોડનો ખર્ચ કરવામા આવેલ છે. સદર કામગીરીનુ લોકાર્પણ માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા તા.૨૬/૧૨/૨૦૨૩ના રોજ કરવામા આવેલ છે.

| |
|---|
| **અગ્રતા ક્રમ : ૨૧**<br>**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૭૨૬**<br>**પ્રશ્નની વિગત: ધોળાવીરા હડપ્પન સ્થળ ખાતે પ્રવાસીઓને રહેવાની સગવડ**<br>**પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રીમતી માલતી કિશોર મહેશ્વરી તથા તેમનો મત વિસ્તાર : (ગાંધીધામ)** |
| **પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:- શ્રી ત્રિકમભાઇ છાંગા (અંજાર)** |
| **પૂરક પ્રશ્ન (૩) : કચ્છ જિલ્લામાં આગામી સમયમાં ધોળાવીરા ની પાસે ધોરડો ખાતે હાથ ધરવામાં આવનાર અતિ-મહત્વના પ્રોજેકટની વિગત જણાવશો?** |
| **જવાબ:**<br>**માન.અધ્યક્ષશ્રી**<br>કચ્છ જીલ્લામાં પ્રવાસન નિગમ દ્વારા તાજેતરમાં ધોરડો નીચે મુજબનો અતિ-મહત્વનો હાથ ધરવામાં આવનાર છે. |

## ➢ **<u>યુનેસ્કો ધ્વારા જાહેર કરાયેલ બેસ્ટ ટુરીઝમ વિલેઝ ધોરડો ખાતે નવીન ટેન્ટસીટી</u>**

કચ્છ જિલ્લામા ગુજરાત પ્રવાસન નિગમ દ્વ્રારા દર વર્ષે રણ ઉત્સવની ઉજવણી કરવામાં આવે છે. જેમાં આંતરરાસ્ટ્રીય તથા રાષ્ટ્રીય પ્રવાસીઓ ખુબજ પ્રમાણમા આવે છે. યુનેસ્કો ધ્વારા જાહેર કરાયેલ બેસ્ટ ટુરીઝમ વિલેઝ ખાતે પ્રવાસીઓ ને વધુને વધુપ્રમાણમા સુવિધાઓ મળી રહે તે હેતુથી નીચે મુજબના કમ્પોનેન્ટની કામગીરી હાથ ધરવા માટેનું આયોજન હાથ ધરેલ છે.

- ➢ મધ્યમ/ઓછીઆવક વાળા વર્ગ માટે અંદાજે 800 માણસની કેપેસિટી ની ડોર-મેટરી
- ➢ કોન્ફરન્સ તથા ઇવેન્ટ માટે ૩૦૦૦ માણસની કેપેસીટીનુંકન્વેશન સેન્ટર
- ➢ નવીન પ્રીમિયમ તથા ડીલક્ષ કુલ ૪૫૦ ટેન્ટ
- ➢ વાઈટ રણ તરફ વ્યુ મળી રહેતે હેતુસર નવીન પી.એમ. તથા સી.એમ.કલસ્ટર ટેન્ટ
- ➢ ટેન્ટ સીટી તથા અન્ય કામગીરી માટે ઇન્ફ્રાસ્ટ્રક્ચરની કામગીરી
- ➢ ટેન્ટ સીટી માટે આંતરિક રોડ તથા રોડ સાઈડ ડેવલોપમેન્ટની કામગીરી

ઉપરોક્ત સુવિધાઓ વિકસાવવા માટેનું આયોજન કરવામાં આવી રહેલ છે.